# પરિષદ-પ્રમુખનો પત્ર

## લોકસાહિત્યની ઉપકારકતા

જગતની કોઈ પણ પ્રજા લોકસાહિત્ય અને લોકગીત, સંગીત અને નૃત્ય વિનાની નહીં જ હોય, કારણ કે તેમાં પ્રજાઓની વિવિધ અનુભૂતિઓનો સહજ, નૈસર્ગિક આવિષ્કાર થાય છે. ગુજરાતી લોકસાહિત્ય અને લોકગીત, સંગીત પણ ઘણાં સમૃદ્ધ છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી જેવા સમર્પિત સર્જક અને સંશોધનકારે ખાસ કરીને સૌરાષ્ટ્રની લોકકથાઓ અને ગીત-સંગીતને એકત્રિત કરવાનું પાયાનું અત્યંત મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે તે સર્વવિદિત છે. મહદ્ અંશે તેને પ્રતાપે સૌરાષ્ટ્રનાં લોકસાહિત્ય, ગીત-સંગીતનો ભવ્ય વારસો આજેય ઉપલબ્ધ છે. અને તેની લોકપ્રિયતા ઉત્તરોત્તર વધતી જાય છે. સૌરાષ્ટ્રની આ લોકસંસ્કૃતિ અખંડ રહેશે તે વિશે સંશય સેવવાનું કોઈ કારણ નથી. આધુનિક યંત્રપ્રૌદ્યોગિકીએ એ વારસાને જાળવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

મેં મેઘાણીભાઈની 'સૌરાષ્ટ્રની રસધાર'ના બધા ખંડો મારી તરુણાવસ્થામાં બહુ જ રસપૂર્વક વાંચ્યા હતા, પણ મારી કાચી સમજને કારણે હું તેનો પર્યાપ્ત આસ્વાદ માણી શક્યો નહોતો તે મારે નિખાલસભાવે કબૂલ કરવું જોઈએ. મારો એ ઉપેક્ષાભાવ તે પછી ઠીક ઠીક સમય સુધી ટક્યો. મેઘાણી શતાબ્દી ઉત્સવ નિમિત્તે કલકત્તા જવાનું થયું ત્યારે ત્યાંના ગુજરાતીઓમાં મેં જે મેઘાણી સાહિત્ય વિશે ઉત્કટતમ ઉમળકો જોયો તે મારા વલણના પરિવર્તનનું પ્રથમ અને મહત્ત્વપૂર્ણ સોપાન બન્યું.

મારા સુરતના એક વડીલ કવિ-સાહિત્યકાર પાંચેક વર્ષ સૌરાષ્ટ્રમાં રહી આવ્યા હતા. તેમની પાસેથી સૌરાષ્ટ્રી લોકસાહિત્ય વિશે કેટલીક વાર અભિપ્રાયો જાણવા મળતા. તેઓ વ્યંગ્યાત્મક રીતે કહેતા કે 'સૌરાષ્ટ્રી લોકસાહિત્ય એટલે માત્ર મોણની રોટલી.' અમે તેમના અભિપ્રાયથી શરૂઆતમાં ગમ્મત અનુભવતા. પણ પછી મારા મત-પરિવર્તનની પ્રક્રિયા વધારે વેગીલી બનતી ગઈ. આજે હું સૌરાષ્ટ્રી ગીત-સંગીત અને ત્યાંની લોકકથાઓનો ભારે કેફ અનુભવી રહ્યો છું. 'આકાશવાણી'ના સ્થાનિક કેન્દ્ર પરથી, સપ્તાહે એક વાર બે-એક લોકગીતો અને એક લોકકથાનો સાપ્તાહિક કાર્યક્રમ રજૂ થાય છે, તે સાંભળવાનું હવે તો મને વ્યસન થઈ પડ્યું છે. તેના શ્રવણ દ્વારા હું આ લોકસંસ્કૃતિની સમૃદ્ધિનો આસ્વાદ સુપેરે માણી શકું છું. હું કથાલેખક પણ ખરો, એટલે મને સૌરાષ્ટ્રી લોકકથાઓનું જાણે કે ઘેલું લાગ્યું છે એમ કશી પણ અતિશયોક્તિ વિના કહી શકાય. મને તેમાં એક આખી પ્રજાની ખમીરવંતી, રંગદર્શી જીવનપદ્ધતિનો પ્રબળ રણકાર સંભળાય છે. મારે ભારપૂર્વક કહેવું જોઈએ કે લોકકથાઓનાં પ્રસ્તુતીકરણનો તેના કથકોએ 'પરફોર્મિંગ આર્ટ'ની ઉચ્ચતર કક્ષાએ જે વિકાસ સાધ્યો છે તેને વર્ણવવા માટે અપ્રતિમ અને અદ્‌ભુત જેવાં વિશેષણો પ્રયોજવાં પડે. યાદ રહે કે આપણી પ્રજા પાસે મનોરંજન અને તે દ્વારા સમાજદર્શનનાં અન્ય કોઈ પ્રભાવશાળી સાધનો નહોતાં ત્યારે આ ડાયરાકેન્દ્રી લોકકથાકારો અને મધ્ય ગુજરાતનાં માણભટ્ટોએ પ્રજાજીવનને સદુપદેશની સાથે રસતરબોળ કર્યું હતું. અને જ્યારે કલાકાર લોક સમક્ષ જાય ત્યારે તેણે પોતાની કળાને પરફોર્મિંગ આર્ટની કક્ષાએ પહોંચાડવી પડે. આ લોકકથાકારો પાસે વાણીવૈભવ અને કથનશૈલી સિવાય ભાગ્યે જ બીજાં ઉપકરણો હતાં. જ્યારે આ સૌરાષ્ટ્રી લોકકથાઓ સાંભળું છું ત્યારે મને રેડિયોની ક્રિકેટ કોમેન્ટ્રી અચૂક સાંભરે છે. બંનેમાં કથકો માત્ર શબ્દોના માધ્યમ વડે પરિસ્થિતિની જે તાદશતા, ઘટનાઓની વારંવાર સધાતી ચરમસીમા અને જનમનરંજન સાધે છે તેમાં ઉચ્ચરિત શબ્દ (spoken word) અને તેના પરની કથકની અતૂટ પકડનો લગભગ ચમત્કારક અનુભવ થાય છે. આજે ટીવીનું દૃશ્યશ્રાવ્ય માધ્યમ ઘણું લોકપ્રિય અને વ્યાપક બન્યું છે પરંતુ આ કથકો માત્ર શ્રાવ્યતાનો રસપ્રચુર અને કાર્યસાધક વિનિયોગ કરે છે તે ઉપેક્ષાપાત્ર નથી.

અલબત્ત, લોકકથાના વિષયવસ્તુ અને તેના નિર્વહણની શૈલી સાથે દર વખતે સંમત ન પણ થઈ શકાય. વિષયવસ્તુઓમાં વારંવાર અતિશયોક્તિ, ચમત્કાર, અંધશ્રદ્ધા વગેરે આવ્યા કરે. કથકની કથનશૈલી પણ રંગછટાથી ભરચક પણ ઘોડાઓ દોડતા હોય, યુદ્ધ ચાલતું હોય, મૂશળધાર વૃષ્ટિ થતી હોય, પ્રેમની નાજુક અભિવ્યક્તિ થતી હોય એવા સર્વ ઘટનાપ્રપંચને આ કથાકારો શબ્દશક્તિના માધ્યમ વડે જે રીતે, શ્રોતાઓને દૃશ્યતાની પણ નવોજેશ કરે છે તે તેઓની કલાની સફળતા અને શ્રોતાઓની ધન્યતા, તે સાથે એ પણ ઉમેરવું જોઈએ કે આ કથાઓ અને તેની રજૂઆતમાં ક્યાંય પણ અરુચિકરતા વરતાતી નથી. એ ખરું કે આ કથાઓમાં વીરત્વ, મર્દાનગી, વટ, વચન વગેરે જે મૂલ્યોને ઉજાગર કરવામાં આવે છે તે મહદ્ અંશે મધ્યયુગીય જીવનપદ્ધતિ, સમાજચિત્ર અને પ્રજાના આભારી રંગદર્શિત્વમાં રાચવાના વલણને સ્પષ્ટ કરે છે. આજની સાવ પરિવર્તિત જીવનશૈલી અને સમાજના પરિદૃશ્ય સાથે તેનો મેળ ન પડે પણ સદીઓ સુધી આ લોકકથાઓએ બીજી રીતે અતિકષ્ટમય એવા પ્રજાજીવનમાં રસમાધુર્ય અને જીવનબળનું સિંચન કર્યું છે.

સુરત
તા. ૧૫-૪-૨૦૧૧

**ભગવતીકુમાર શર્મા**